આદર્શ નિવાસી શાળા(કુમાર/અ.જા.), સેક્ટર-૮, ગાંધીનગરના રીનોવેશનની વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2025/0834/G
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૫/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: અજાક/ગ/આનિશા/૨૦૨૫-૨૬/૨૧૧૫ તા.૧૫/૦૪/૨૦૨૫

**આમુખ:**

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓની જેમ શિક્ષણની તક મળે તે માટે રાજ્યભરમાં આદર્શ નિવાસી શાળા(કુમાર અને કન્યા) ખાતે ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસક્રમો માટે રહેવા, જમવા તેમજ શિક્ષણની નિ:શુલ્ક સુવિધાઓ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૧૫/૦૪/૨૦૨૫ના પત્રથી આદર્શ નિવાસી શાળા(અ.જા./કુમાર), સેક્ટર-૮, ગાંધીનગરના મકાનમાં (૧) કલરકામ (૨) પાર્કિંગશેડ (૩) શાળા તથા હોસ્ટેલ વિભાગના ટોયલેટ રીનોવેશન (૪) ડ્રેનેજ પ્લમ્બીંગ (૫) બેડ વીથ મેટ્રેસ (૬) લોકર એન્ડ ફર્નિચર (૭) લેબોરેટરી રીનોવેશન (૮) સિવિલ વર્ક (૯) ચીમની (૧૦) કમ્પાઉન્ડ વોલ (૧૧) ભોજનાલયના ટેબલ અને ફર્નિચર કામ જેવા રીનોવેશનકામ માટે રૂ.૯૪,૦૦,૦૦૦/-(અંકે રુપિયા ચોરાણુ લાખ પુરા)નો ખર્ચ કરવાની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા(અ.જા./કુમાર), સેક્ટર – ૮, ગાંધીનગરના મકાનના (૧) કલરકામ (૨) પાર્કિંગશેડ (૩) શાળા તથા હોસ્ટેલ વિભાગના ટોયલેટ રીનોવેશન (૪) ડ્રેનેજ પ્લમ્બીંગ (૫) બેડ વીથ મેટ્રેસ (૬) લોકર એન્ડ ફર્નિચર (૭) લેબોરેટરી રીનોવેશન (૮) સિવિલ વર્ક (૯) ચીમની (૧૦) કમ્પાઉન્ડ વોલ (૧૧) ભોજનાલયના ટેબલ અને ફર્નિચર કામ જેવા રીનોવેશનકામ માટે રૂ.૯૪,૦૦,૦૦૦/-(અંકે રુપિયા ચોરાણુ લાખ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં – ૯૫ , મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – ૦૪ SCW – 32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઈઝેશનની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાવિભાગની તા.૧૮/૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.), કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી(સા.ન્યા.) કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી(નાણાવિભાગ), કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, સચિવશ્રી(માર્ગ અને મકાન વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી(નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા(સા.ન્યા.અને અ.વિ.), સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા(સા.ન્યા. અને અ.વિ.), સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ – ૨૦૨૫

*Signature Not Verified*

*Signed by:SantoshKumar Sureshbhai Vasava*
*Section Officer*
*Date:2025.05.31 11:37:10 +5:30*



Open the document in Adobe Acrobat DC to verify the E-sign